ગાંધીનગર સમાચાર

સે-૨૧, ૨૨ અને ૨૪માં ખેડુત માર્કેટમાંથી પ્લાસ્ટીક બેગ પકડાઈ

# વાયબ્રન્ટને પગલે સે-૬ના બજારો ખાલી કરવા નોટીસ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૬ના ગ્રાઉન્ડમાં ઉભા થયેલા ત્રણ પંડાલના બજારો સોમવારથી હટી જશે. વાયબ્રન્ટને અનુલક્ષી તંત્રએ નોટીસો પાઠવી બજાર હટાવી દેવા આદેશ કર્યો છે. શહેરના ગ્રાઉન્ડમાં લાગેલા તિબેટીયન માર્કેટને આ વખતે બીજીવાર પંડાલ હટાવાનો વારો આવ્યો છે. જેને પગલે ત્રણેય પંડાલોના વેપારીઓ નિરાશ થયા છે.

ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા વાયબ્રન્ટને અનુલક્ષી તડામાર તૈયારીઓ થઈ રહી છે. શહેરને સફાઈથી લઈ અનેક પ્રકારના શણાગારથી સજાવામાં આવી રહ્યું છે. વાયબ્રન્ટમાં કોઈપણ પ્રકારની ખામી રહી ન જાય તે માટે તંત્રના અધિકારીઓ રાત દિવસ ઉજાગરા





કરી રહ્યા છે. ત્યારે સેકટર-૬ના ગ્રાઉન્ડમાં ત્રણ પંડાલોમાં વિવિધ બજારો જામ્યા હતા. જેમાં શહેરવાસીઓ ખરીદી માટે જતા હતા. જેમાં મુંબઈ બજાર જેમાં વિવિધ હેન્ડ્રીક્રાફટની ચીજવસ્તુઓનું વેચાણ થતુ હતું. જયારે બીજા પંડાલમાં નગરના ચકાભાઈ ખત્રી દ્વારા વિવિધ ગરમ વસ્ત્રોનું વેચાણ સસ્તા દરે થતુ હતું. જયારે ત્રીજો પંડાલ તિબેટીયન બજારનો હતો જેમાં શિયાળાને અનુલક્ષી સ્વેટર, જાકીટ, મફલર, ટોપી, સહિતના ગરમ કાપડનું બજાર દરવર્ષે ભરાય છે. પરંતુ આ વર્ષે તિબેટીયન બજારને બીજીવાર પંડાલ હટાવાનો વારો આવ્યો છે. આ પહેલા શહેરમાં અલ્પેશ ઠાકોરની જાહેરસભા હોવાથી તંત્રએ સુરક્ષાને ધ્યાને લઈ પંડાલ હટાવાનો આદેશ કર્યો હતો. જયારે શહેરમાં વાયબ્રન્ટને અનુલક્ષી તંત્રના અધિકારીઓએ ત્રણેય પંડાલોમાં નોટીસો ફટકારવામાં આવી છે. જયારે સોમવારથી ત્રણેય બજારોના પંડાલો ખાલી કરવાની કામગીરી થશે. શહેરમાં વાયબ્રન્ટને પગલે ગ્રાઉન્ડમાં પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી ચર્ચા સંભળાય રહી છે. જયારે નોટબંધીમાં જોઈએ તેવો વેપાર થવા પામ્યો નથી તેમાં બીજીવાર પંડાલ હટતા ત્રણેય માર્કેટના વેપારીઓ નિરાશ થવા પામ્યા છે.

## @ગાંધીનગર

● દિવ્ય જીવન સંઘ દ્વારા પૂ. સ્વામી પ્રેમાનંદજી મહારાજ દ્વારા સત્સંગ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાકે દિવ્ય જીવન કેન્દ્ર ૨૦૫, આનંદનગર, ૨૪ ચાર રસ્તા, સે. ૨૭ ગાંધીનગર ખાતે યોજાશે.

● સમદર્શન આશ્રમ તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પુ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખે કર્મયોગ વિષય પર જીવનોપયોગી ''ગીતાજ્ઞાન'' સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન સે. ૧૨ ઉમિયા માતાજી મંદિર હોલ ખાતે યોજાશે.

● કલ્ચરલ ફોરમના નવદીક્ષિત કલાકારો દ્વારા 'અભિવ્યકિત' કાર્યક્રમ રાત્રે ૮ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

## સે-૨૧, ૨૨ અને ૨૪માં ખેડૂત માર્કેટમાંથી પ્લાસ્ટીક બેગ પકડાઈ

ખેડુતો સીધા ગ્રાહક સુધી પહોંચી શકે અને શાકભાજી-ફળોના યોગ્ય ભાવ ખેડૂતોને પણ મળે તથા ગ્રાહકોને પણ સસ્તા ભાવે મળે તે હેતુથી ખેડુત માર્કેટ શરુ થયા છે. સે-૨૧, ૨૨ અને



સે-૨૪માં ચાલતા ખેડુત માર્કેટમાં આજે મહાનગરપાલિકાની પ્લાસ્ટિક વિરોધી દળના અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે દરોડા પાડયા હતા. સરપ્રાઈઝ ચેકીંગ દરમિયાન ખેડુતો પાસેથી ૧૦ કિલો ૨૦૦ ગ્રામ પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો જથ્થો મળી આવતા આ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જો કે ખેડુતો સાથે પ્લાસ્ટીક વિરોધી દળને ચકમક પણ ઝરી હતી.

## આજે શહેરમાં એટીએમ પર ધસારાની સંભાવના

ગાંધીનગર, તા.૧૮

ગત આઠમી નવેંબરના રોજથી દેશભરમાં નોટબંધીનો અમલ શરૂ કરાવવામાં આવ્યો છે.આજે ચાલીસમાં દિવસે બેંકોમાં રવીવાર હોઈ રજા હોવાના કારણે લોકોને રૂપિયા મેળવવા માટે એક માત્ર એટીએમનો સહારો લેવો પડ્યો હતો.તેમાં પણ મોટાભાગના એટીએમ કેશના અભાવના હીસાબે બંધ જોવા મળતા હવે આવતીકાલે સોમવારે બેંક ખુલે તે સમયે ફરી એકવાર બેંકોની બહાર લોકોની લાંબી કતારો જોવા મળી શકે છે.બીજી તરફ નોટબંધીના આજે ચાલીસમાં દિવસે રવીવારની રજા હોવાછતાં પણ શહેરના ખાણીપીણી બજારોમાં ખાસ ઘરાકી જોવા મળી ન હતી.

આ અંગેની વિગત એવી છે કે,ગત આઠમી નવેંબરની રાત્રીથી દેશના ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણી નોટો પરત ખેંચવામાં આવી છે.આ પછી સતત રૂપિયા મેળવવા માટે વિવિધ એટીએમ અને બેંકોની બહાર લોકોની લાઈનો જોવા મળી રહી છે.આજે રવિવાર અને જાહેર રજાનો દિવસ હોવાના કારણે બેંકોમાં રજા હોઈ લોકો શહેરના વિવિધ એટીએમની બહાર સવારથી જ લાઈનમાં ઉભા રહી ગયા હતા.આમછતાં મોટાભાગના એટીએમની બહાર કરન્સી નથી એવા બોર્ડ જોવા મળતા લોકો રૂપિયા મેળવવા માટે જે વિસ્તારમાં એટીએમ ચાલી રહ્યા હોય એવા વિસ્તારો સુધી પહોંચ્યા હતા.જ્યાં પણ તેમને રૂપિયા મેળવવા માટે લાઈનમાં ઘણાં લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડી હતી.એક તરફ સામાન્ય લોકોની આ હાલત છે તો બીજી તરફ શહેરમાં આજે રવીવારની રજા હોવાછતાં પણ વિવિધ વિસ્તારોમાં આવેલા ખાણીપીણી બજારો અને ફાસ્ટફૂડ સેન્ટરો ઉપર ખાસ કોઈ ઘરાકી જોવા મળી રહી ન હતી.છેલ્લા એક મહીનાથી પણ વધુના સમયથી જ્યાં એક તરફ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ ઉપર બેન મુકવામાં આવ્યો છે.ત્યાં બીજી તરફ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા રાત્રી ખાણીપીણી બજારોની ઘરાકી ઉપર પણ તેની અસર જોવા મળી રહી છે.

# સૌરાષ્ટ્ર લુહાર-સુથાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાયો







ગાંધીનગર, તા.૧૮

શ્રી સૌરાષ્ટ્ર લુહાર-સુથાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજ રોજ યોજાયો હતો. આ મેળામાં સમાજના લગ્ન ઈચ્છુક ૩૭૦ યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સમાજના આગેવાન સંસ્થાના હોદેદારો સહિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

શ્રી સૌરાષ્ટ્ર લુહાર-સુથાર જ્ઞાતિમંડળનો ૨૭મો જીવનસાથી પસંદગી મેળો આજરોજ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનોના હસ્તે દિપ-પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સમગ્ર ગુજરાતમાંથી સમાજના લગ્ન ઈચ્છુક ૩૭૦ થી વધુ યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે અમદાવાદ ખાતે આવેલ સમાજના કન્યા છાત્રાલયમાં બહેનોને રહેવા તેમજ જમવાની સગવડ નિ:શુલ્ક આપવામાં આવે છે. જયારે આજના હાઈટેક જમાનામાં બહેનો શિક્ષણક્ષેત્રે પ્રગતિ હાંસલ કરે તેમજ કોમ્પ્યુટર યુગમાં પાછળ નહી ન જાય તે માટે કોમ્પ્યુટરની સેવા પણ છાત્રાલય ખાતે સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવે છે. જયારે સમાજના દાતાઓ દ્વારા ઉદાર હાથે દાન આપતા અંદાજીત રૂ. ૧૦ લાખનું દાન મળવા પામ્યું હતું. આ દાનની રકમ સમાજના હિતાર્થે વપરાશે. આ પ્રસંગે શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર સમાજના પ્રમુખ રજનીકાંત સુથાર, પરષોત્તમભાઈ પિત્રોડા, ચંદ્રેશ મિસ્ત્રી, ઠાકરસી લુહાર, પંકજભાઈ મીસ્ત્રી સહિત સમાજના અગ્રણી આગેવાનો, સંસ્થાના હોદેદારો તેમજ ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં સે-૨૧માં યોજાયેલા ખેડૂત બજારમાં કૃષિ વિભાગના સચિવ સંજય પ્રસાદ, મહેસુલ વિભાગના સંગીતા સિંહ, બાગાયત નિયામક સેરસિયા વગેરે શાકભાજી ખરીદવા ગયા હતા. જયાં તેમણે ખેડૂતો સાથે વાતો કરી તંત્રની વ્યવસ્થા અંગે સંતોષ વ્યકત કર્યો હતો. વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે પણ ખેડૂત બજારમાંથી શાક ખરીદ્યું હતું.

● જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાઠોડ રજા પર ઉતર્યા છે. હાલ તેમના સ્થાને નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમારને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

● શહેરમાં શિયાળાની ઋતુમાં તાજા શાકભાજી સાથે ફળોની પણ આવક વધવા પામી છે. તાજા ફળોમાં સૌથી વધુ સંતરાના ફળની આવક જોવા મળી રહી છે.

● ગાંધીનગરથી કોબા માર્ગ પર ભાઈજીપુરા ચોકડી પાસે આવેલા શ્યામશુકન એપાર્ટમેન્ટમાં એક ૨૩ વર્ષીય યુવાને અગમ્ય કારણસોર ઝેરી દવા ગટગટાવી હતી. જો કે આ યુવાનને તાત્કાલિક સારવાર અપાતા તે ભાનમાં આવી ગયો છે.

● ધર્નુમાસનો પ્રારંભ થતા જ શહેરમાં ધાર્મિકસ્થાનો પર કથા-સત્સંગ વગેરેના આયોજનો હાથ ધરાયાં છે. ધાર્મિક કાર્યક્રમોના આયોજનના પગલે શહેરના ધર્મસ્થાનો પર ભાવિક ભકતોની ભીડ વધુ જોવા મળી રહી છે.

● શહેરમાં લગ્નસરાની મૌસમ તો પૂર્ણ થઈ ગઈ પરંતુ રવિવારે વિવિધ સમાજ તથા સંગઠનોના સ્નેહમિલન સમારંભોની મૌસમ ખિલી ઉઠી હતી. આ સ્નેહમિલન સમારંભોના પગલે શહેરમાં અનેક ઠેકાણે વાહનો તથા મહેમાનોના જમાવડા જોવા મળ્યા હતા.

# કાર્યમાં કુશળતા પ્રાપ્ત કરવી એ જ યોગ

## યોગ-પ્રાણાયામ-ધ્યાન શિબિરો થકી નવી પેઢીમાં વ્યકિતત્વ વિકાસની નવચેતના જગાડી રહેલા ગાંધીનગરના કુસુમબેન જોષી એટલે સેવા-સંસ્કૃતિ-સંસ્કાર સાથે સમર્પણનું સંગમ સ્થાન



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૧૮

શિયાળાના પ્રારંભે જ સ્વાસ્થ્ય પ્રત્યે અચાનક જાગૃત થઈ ઉઠતા આરંભ શૂરાઓની ભરમાર મોર્નિંગ વૉક સાથે વ્યાયામ, પ્રાણાયામ-યોગ વગેરેમાં પ્રવૃત્ત જણાય છે. પરંતુ જેવો ઠંડીનો ચમકારો સ્હેજ વધુ જણાય કે તુરંત જ એમાંથી મોટાભાગના તો નિંદ્રાયોગમાંથી બહાર જ આવી શકતા નથી. જો કે ગાંધીનગરની નવી પેઢીનો નિંદ્રાયોગ દુર કરી તેમનામાં 'નવચેતના' જગાડવા શહેરના એક નિવૃત્ત શિક્ષિકા સતત કટિબધ્ધ છે. આ શિક્ષિકા કુસુમબેન જોષીએ એક જ મંત્ર સુપેરે પચાવ્યો છે 'યોગ: કાર્યશુ કૌશલમ્' અર્થાત્ 'કાર્યમાં કુશળતા એ જ યોગ છે.'

ભારતીય સંસ્કૃતિમાં જેને યોગેશ્વર કહેવાયા છે તેવા શ્રીકૃષ્ણની દ્વારકાનગરીમાં જન્મેલ કુસુમબેને માત્ર ૩ જ વર્ષની ઉંમરે માતાની તથા ૭ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. પાંચ બહેનો અને એક ભાઈના પરિવારમાં ચોથા સ્થાને જન્મેલા કુસુમબેનને નાનપણથી જ સંસ્કૃતિ અને સાહિત્ય પ્રત્યે લગાવ એટલે તેમણે સંસ્કૃત વિષયમાં પોસ્ટગ્રેજયુએશન કર્યું એટલું જ નહીં સાથે બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદની પરીક્ષાઓ પણ પાસ કરી. એમ.એ થયા બાદ બી.એડ. કરી શિક્ષિકા થવાનું સ્વીકાર્યું. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં કરંજ ખાતે જયાં આદિવાસી વિસ્તારનું છેવાડાનું ગામ હોવાથી તથા ગામમાં દારૂની બદીનો વ્યાપ વધુ હોવાથી કોઈ મહિલા શિક્ષિકા ટકતા નહોતા તેવા ગામમાં કારકિર્દીના પ્રારંભે જ એક વર્ષ નોકરી કરી. શરૂઆતમાં પોતાના મામાના ઘરે રહ્યા પછી બેન-બનેવી સાથે રહી પુરી નિષ્ઠાથી નોકરી કરી કે સમગ્ર સ્ટાફના માનીતા બની ગયા હતા. વર્ષ ૧૯૮૭માં લગ્ન થયા બાદ ગાંધીનગર આવીને સેટલ થયા જ્યાં તેમણે ઈસનપુર મોટા ગામની હાઈસ્કૂલમાં ૩ માસ માનદ સેવા આપી હતી. જો કે એક વર્ષ બાદ ૧૯૮૮માં જ ગાંધીનગરની પ્રતિષ્ઠિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં સંસ્કૃત શિક્ષક તરીકે નોકરી પ્રાપ્ત થઈ જેને ૨૮ વર્ષ સુધી સંપૂર્ણ લગન અને નિષ્ઠાથી નિભાવી. ૨૦૧૬માં નિવૃત્ત થયા. આ ૨૮ વર્ષની કારકિર્દી દરમિયાન તેમણે માત્ર વિષય સંસ્કૃત જ ભણાવવાની સાથે સાથે 'સંસ્કૃતિ'માં પણ એટલું જ પદાર્પણ કર્યું કે નિવૃત્તિના એક વર્ષ પૂર્વે જ તેમને અમદાવાદની એએમએ સંસ્થા દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે નોમિનેશન પણ પ્રાપ્ત થયું હતું.





કારકિર્દી દરમિયાન ફરજના ભાગરૂપે કરવામાં આવતી પ્રવૃત્તિઓ ઉપરાંત પણ તેઓ સતત કાર્યશીલ રહ્યા અને હાઈસ્કૂલની તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સેવાકીય પ્રવૃત્તિઓ, સાહિત્ય, બાળકોના વ્યકિતત્વ વિકાસ અંગેની પ્રવૃત્તિઓ વગેરે તમામમાં હંમેશા અગ્રેસર રહેતા. શાળામાં કોઈ પણ કાર્યક્રમ હોય તેમાં એન્કર તરીકેની ભૂમિકાથી માંડીને રાસ ગરબા, વકતૃત્વ, નિબંધલેખન, સુલેખન, કાવ્યપઠન, સંગીત, સમૂહગીત કે નૃત્ય તમામમાં તેઓ પોતે સક્રીય ભાગ લઈ વિદ્યાર્થીઓને પ્રેરિત કરતા. રાજય સરકારની સ્પર્ધાઓ જેવી કે હળવું કંઠય સંગીત, ગીતા શ્લોક સ્પર્ધા, દોહા-છંદ-ચોપાઈ-સમૂહગીત વગેરેમાં ભાગ લેવો, માઉન્ટ આબુથી માંડીને ડેલહાઉસીના ટ્રેકિંગ કેમ્પમાં ભાગ લેવો, રેડ ક્રોસ સોસાયટી સહિત અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાઈ એઈડસ ગ્રસ્ત બાળકો માટે સેવાકીય પ્રવૃત્તિ કરી જરૂરિયાતમંદ વર્ગના બાળકોને મફત ભણાવવું, જમણા હાથે આવે તો ડાબા હાથને પણ ખબરના પડે તેમ ગરીબ બાળકોની સ્કૂલ ફી ભરી દેવી, આંગણવાડીમાં જઈ બાળકો સાથે વિવિધ રમતો તથા મનોરંજક પ્રવૃત્તિઓ કરી તેમને રમકડાં, લંચ બોકસ જેવી જરુરી ચીજવસ્તુઓની મદદ કરી, મૂકબધિર કે પ્રજ્ઞા ચક્ષુ બાળકોની શાળામાં અથવા માનસિક દિવ્યાંગ બાળકોને વિવિધ તાલીમ આપવી જેવી અઢળક પ્રવૃત્તિઓમાં સતત પ્રવૃત્ત રહેતા. કારકિર્દી દરમિયાન ૪૦થી વધુ વિવિધ પ્રમાણપત્રો મેળવનાર કુસુમબેનના લગભગ દરેક તહેવાર દાન સેવાથી જ ઉજવાય છે. જેમાં સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીઓને શીરો જમાડવાનો હોય કે ઝુંપડપટ્ટીના બાળકોને કપડા, મિઠાઈ વિતરણ હોય. સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે વ્યકિતત્વ વિકાસમાં રસ ધરાવતા કુસુમબેન સ્વાધ્યાય પરિવાર, બ્રહ્માકુમારીઝ તથા આર્ટ ઓફ લિવીંગ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં પણ પ્રવૃત્ત રહેતા તેનું મુખ્ય કારણ એ હતું કે તેમને 'દિવ્ય સમાજ નિર્માણ'ની લગની લાગેલી છે. આ માટે તેમણે અંતે આર્ટ ઓફ લિવીંગમાં વધુ કાર્યરત બની તેની 'નવચેતના શિબિર' ચલાવતા પ્રશિક્ષક બનવા સુધીની તાલીમ મેળવી અને ગાંધીનગર જિલ્લામાં કુલ ૬૦ નવચેતના શિબિર યોજવાનું બીડું ઝડપ્યું છે.

છેલ્લા ૧૭ વર્ષથી યોગ-પ્રાણાયામ-ધ્યાનની વિવિધ ૭૦થી વધુ શિબિરો કરી ચુકેલા કુસુમબેને આરંભેલી 'નવચેતના શિબિર'ના પણ ૧૩ મુકામ પાર કરી ચુકયાં છે. ખેલ મહાકુંભમાં સ્વીમીંગના બાળ ખેલાડીઓથી માંડીને શાળા કોલેજના વિદ્યાર્થીઓમાં આ યોગ સાધના થકી તેઓ નવી પેઢીને ચેતનવંતી તથા આત્મવિશ્વાસથી ભરપૂર બનાવી રહ્યા છે. વહેલી સવારે ઉઠી પોતાની દોઢ કલાકની પ્રાણાયામ-યોગ સાધના તથા ગુરૂપૂજાથી આરંભેલી તેમની દિનચર્યામાં ટીવીને તો કયાંય સ્થાન જ નથી. માત્ર સંસ્કૃત અને સંસ્કૃતિના વિકાસમાં જ રસ ધરાવતા કુસુમબેન હજુ પણ બપોરના સમયે સરકારી શાળામાં ભણતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને વિના મૂલ્યે સંસ્કૃત શિખવાડે છે એટલું જ નહી પરંતુ પોતાની યોગ શિબિરો થકી બાળકોમાં વ્યસનમુકિત જેવા સુસંસ્કારોનું આરોપણ કરે છે. શહેરમાં સેવાકીય પ્રવૃત્તિની ગંગોત્રી સમા જી.એન. ખારોડ સાહેબ સાથે તમામ સેવાકાર્યમાં મૂકસેવકની ફરજ બજાવવાની સાથે તેઓનું ધ્યેય એટલું જ છે કે વધુને વધુ વ્યકિતઓને વ્યકિતત્વ વિકાસની પ્રેરણા આપું. શુભકાર્યનું નિમિત્ત બનવા હંમેશા તૈયાર રહેવું એવું માનતા કુસુમબેન જોષી તેમની પ્રિય પ્રાર્થના 'જીવન અંજલિ થાજો' ગણગણતા સમાજને અનન્ય અંજલિ અર્પિત કરી રહ્યા છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# વાવોલ રામજી મંદિરની ખડકીમાં પૂળા ભરેલા મકાનમાં આગ

## પહેલે માળ અન્ડર કસ્ટ્રકશન મકાનમાં પૂળા ભરેલા હતા આગથી નાસભાગ : ફાયરબ્રિગેડે આગ કાબુમાં લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામના ધોબીઘાટ સામે સ્થિત રામજી મંદિરની ખડકીમાં એક મકાનમાં આજે આગ ભભુકતા નાસભાગ મચી જવા પામી હતી. અન્ડર કન્સ્ટ્રકશન મકાનમાં પહેલે માળે પૂળા ભર્યા





હતા. આ મકાનમાં અચાનક પૂળા સળગતા ફાયરબ્રિગેડને બોલાવી લેવાઈ હતી. ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. જો કે પૂળા ભળીને ખાખ થઈ ગયા હતા. સદ્ભાગ્યે ઘટનામાં કોઈ જાન માલની હાની થવા પામી નથી.

વાવોલ ધોબીઘાટની સામે રામજી મંદિરની ખડકીમાં એક મકાન બની રહ્યું છે. મુકેશભાઈ લાલભાઈ પટેલના આ મકાનના બીજા માળે એક હજાર જેટલા પુળા ભરેલા હતા. બપોરના અરસામાં કેટલાક છોકરાઓ પતંગની દોરી રંગવાની લુગ્દી બનાવવા બીજે માળ ચઢયા હતા. કોઈ કારણોસર અચાનક પૂળા સળગવા લાગતા દોડધામ મચી ગઈ હતી. ધૂમાડાના ગોટેગોટા થવા લાગતા ગ્રામજનો પણ ફફડી ગયા હતા. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડની ટીમને જાણ થતા ફાયરમેન ચિનુભાઈ પટેલ તથા ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લઈ લીધી હતી. જો કે પૂળા સળગીને ખાખ થઈ ગયા હતા. કોઈને ઈજા કે મોટી માલહાની થવા પામી નથી.

## ચિરવિદાય

● સ્વ. સુશીલાબેન અનંતરાય ત્રિવેદી, ઉ.વ. ૮૫